# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬૩

## તારીખ.૧૮–૦૯–૨૦૧૭

આથી ઠરાવ કરવામાં આવે છે કે નગરપાલિકા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૧૩ તારીખ.૨૨–૦૮–૨૦૧૬ થી ઠરાવ્યા મુજબ સરકારશ્રીની સને. ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ નાણાંકીય વર્ષમાં મળેલ અને મળનાર (ચૌદમા) ૧૪માં નાણાંપંચની જે તે વખતે જમા અંદાજીત રકમ રૂા. પ૨પ.૦૦ લાખ હેઠળ કામગીરી કરવા ઠરાવવામાં આવેલ તે કામગીરીમાં તારીખ.૩૧–૦૩–૨૦૧૭ સુધીમાં રૂા.૧૦,૯૦,૮૭,૦૩૨/– અંકે રૂપીયા દસ કરોડ નેવું લાખ સીતીયાસી હજાર બત્રીસ પુરા ની રકમ આવેલ છે. તે પૈકી ઠરાવ નંબર. ૨૧૩–તા.૨૨–૦૮–૨૦૧૬ થી નકકી થયા મુજબ "સ્થંભતિર્થ કોમ્પલેક્ષ" માં જરૂરી જે કાંઈ પણ વધારાની કામગીરી કરાવવાની થાય તે અને ટેન્ડરમાં ખુટતી રકમો આ રકમ પૈકી વાપરવા, ચુકવણું કરવા મંજુર કરવામાં આવે છે.

<u>સ્થંભતીર્થ કોમ્પલેક્ષમાં વધારાની કામગીરી</u>

(૧) લાઈટ ફીટીગમાં થતો વધારાનો ખર્ચ

(૨) કોમ્પ્લેક્ષના તમામ પેસેજમાં મારબલ/ગ્રેનાઈટ/ટાઈલ્સો તેમજ પેસેજ/દાદરની ઓપન જગ્યામાં દિવાલ ઉપર ટાઈલ્સો લગાવવાની રહેશે જેથી પબ્લીક ધ્વારા તેને ખરાબ કરવામાં આવે તો તે સાફ સફાઈ થઈ શકે તે માટે તે વધારાની કામગીરી પુર્ણ કરવાની રહેશે.

(૩) કોમ્પલેક્ષમાં આવેલ નગરપાલિકાની ઓફીસોમાં લાઈટ ફીટીગ, પંખા, ફરનીચર, તેમજ કેશ કાઉન્ટર ના અંગે કરવા પાત્ર થતો તમામ ખર્ચ

(૪) ઉપરના માળે સીસીટીવી સર્વેલન્સ હોલ ફીટીગ, પંખા, એસી. ફરનીચર વિગેરે થતો તમામ ખર્ચ

(૫) ધર્મશાળામાં ફરનીચર, લાઈટ, પંખા, એ.સી. તથા રૂમો તથા હોલ ગાદલા, રજાઈ, શેતરંજી, ઓસીકા, ચાદર, ઓશીકા કવર, તમામ રૂમ માટે ડબલ બેડ પલંગ, એ.સી.રૂમો તથા ટી.વી.ના સેટ વિગેરે થતો તમામ ખર્ચ

(૬) ધર્મશાળાના તમામ રૂમોમાં સંડાસ, બાથરૂમમાં પાણીની સુવિધા ચોવીસ કલાસ માટે

(૭) કોમ્પલેક્ષના નામ કરણ માટે દોઢ, બે, અઢી અને ત્રણ ફુટની સાઈઝ ના એસ.એસ. ના અક્ષરો

(૮) આવેલ ટેન્ડર પૈકીની કોઈપણ આઈટમ તથા તે સિવાયની આઈટમ નિયત થયેલ દરોએ અથવા ગર્વમેન્ટ એસ.ઓ.આર. મુજબ જે કાંઈ વધારાની કામગીરી કરવાની થાય તે તમામ કામગીરી આ કામનું મંજુર થયેલ ટેન્ડર એજન્સી પાસે જ આ ઠરાવ માં જણાવેલ વિગતો તેમજ મંજુર થયેલ વિગતો આ એજન્સી પાસે જ કરાવવાની રહેશે.

(૯) બેઝમેન્ટમાં એ.સી. હોલ ૪૦૦ (ચારસો) વ્યકિત ઉપયોગ કરી શકે તે રીતે આયોજન કરી તેમાં પણ ફરનીચર, લાઈટ, પંખા, એ.સી., પી.ઓ.પી., દરવાજા, ગેટ/શટર તેમજ પીવીસી.ની સારી ખુરશીઓ તેને લગતું જે કાંઈ પણ કામગીરી કરવાની થતી હોય તે તમામ કામગીરી પુર્ણ કરવાની રહેશે.

(૧૦) આ ઉપરાંત શોપીગમાં લાગતા વળગતા સુધારા વધારા કે અન્ય જે કાંઈ પણ કરવાના થાય અને સુચવવાના થાય તે તમામ સુચવેલ તમામ કામગીરીઓ પુર્ણ કરવાની રહેશે.

(૧૧) આ બાબતે સદર કોમ્પ્લેક્ષનું પ્લાનીગ, કન્સલટન્ટીગ સ્ટ્રકચર એન્જીનીયરીગ તથા ટેકનીકલ તમામ ટીપીઆઈની કામગીરી ખંભાત નગરપાલિકાના માન્ય કન્સલટન્ટ શ્રી ધર્મેશભાઈ એમ. પટેલ પાસે કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે આ – ઉપરોકત કન્સલટન્ટ સમય મર્યાદામાં અને નગરપાલિકાના હીતમાં યોગ્ય કામગીરી ચાલુમાં જણાશે નહી તો તેની નિમણુંકને રદ કરી ખંભાત નગરપાલિકા કામની અગત્યતા તથા ગુણવત્તાને ધ્યાનમાં રાખી જરૂર જણાય તો અન્ય કન્સલટન્ટ રોકી પ્લાનીગ, કન્સલટન્ટીગ સ્ટ્રકચર એન્જીનીયરીગ તથા ટેકનીકલ તમામ કામગીરી અન્ય કન્સટલન્ટ પાસે કરાવી શકશે અથવા જરૂર જણાયે આ કામમાં વ્યવસ્થિત સુપરવીઝન કાયમી ધોરણે કામ પુર્ણ થતાં સુધી ટેકનીકલ માણસની નીમણુંક કરવાની રહેશે.

આમ ઉપર મુજબની નાણાંપંચની ગાઈડ લાઈન મુજબ સક્ષમ સત્તાધીકારીની – તાંત્રીક મંજુરી મેળવવાની પણ માન્ય કન્સલટન્ટ શ્રી ધર્મેશભાઈ એમ. પટેલની જવાબદારી રહેશે. આમ આ કોમ્પ્લેક્ષમાં રૂપીયા.૧૦,૯૦,૮૭,૦૩૨/– અંકે રૂપીયા દસ કરોડ નેવું લાખ સીતીયાસી હજાર બત્રીસ પુરા તારીખ.૩૧–૦૩–૨૦૧૭ સુધી મળેલ છે તેમાંથી કરવાનો રહેશે. તે અંગે આ બાબતે શોપીગ / કોમ્પ્લેક્ષ / દવાખાનું / હોલ / ધર્મશાળા – વિગેરે અંગેની આગળની તમામ કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, ચેરમેનશ્રી, એકઝીકયુટીવ – કમીટી તથા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરી કાર્યવાહી પુર્ણ થતાં સુધીની તમામ સત્તાઓ આપવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ

સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

સહી. નગીનભાઈ રતીલાલ મહીડા

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ

સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬૪..

## તારીખ.૧૮–૦૯–૨૦૧૭

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાની માલીકીની સીટી સર્વે નંબર. ૩/૩૨૪૬ પૈકી ત્રિકોણીયા તરીકે ઓળખાતી જગ્યા અત્રેની કચેરીએ સુ.જા.નં.૪૪૯૪ તારીખ.૩૦–૦૧–૧૯૯૩ થી વેચાણ આપવા સરકારશ્રી દરખાસ્ત કરેલ તે મંજુર થતાં ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક નપલ/૪૫૯૩/એમ.એલ.એ/૧૨/મ/સચીવલય, ગાંધીનગરના તારીખ.૧૫–૦૯– ૧૯૯૩ના ઠરાવથી ઉપરોકત જણાવેલ સીટી સર્વે નંબર.૩/૩૨૪૬ પૈકીની જમીન માદળા તળાવની જગ્યા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ–૬૫(૨) અન્વયે વાણિજય હેતુ ફેર થઈ જવાથી તે હુકમની સાથે મંજુર કરેલ નકશા મુજબ વર્તમાન ત્રિકોણીયા તરીકે ઓળખાતી જગ્યા "શ્રી રણજીતરાય શાસ્ત્રી કોમ્પ્લેક્ષ"ની ગ્રાઉન્ડ ફલોર દુકાન નંબર. ૦૧ થી ૧૧ તથા ફર્સ્ટ ફલોર દુકાન નંબર. ૧૨ થી ૨૨ દુકાનોની જાહેર હરાજીથી આપવા અંગે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૭ તારીખ.૧૬–૦૯–૨૦૧૬નો વંચાણે લઈ એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૪૩ તારીખ.૦૧–૦૯–૨૦૧૭ થી શરતો નકકી કરી તેની સુ.જા.નં.૧૬૫૭ તારીખ.૧૪–૦૯–૨૦૧૭ થી જાહેર નિવિદા દૈનીક પેપર "નયા પડકાર" તથા સ્થાનિક સાપ્તાહીક પેપર "માતૃભૂમિ" આમ દૈનીક અને સાપ્તાહીકમાં જાહેર ખબરથી જાહેરાત આપેલ ત્યાર બાદ તારીખ.૧૭–૯–૨૦૧૭ અને તારીખ.૧૮–૦૯– ૨૦૧૭ના બપોરના ૩–૦૦ કલાક સુધી લાઉડ સ્પિકરથી સમગ્ર શહેરમાં હરાજીની જાહેરાત બાબતે પ્રસિધ્ધી કરેલ અને સદર જેની હરાજી છે તે કોમ્લેક્ષ ઉપર ૧૦ ફુટ × ૮ ફુટનું જાહેર હરાજી અંગેનું બેનર પણ તારીખ.૧૪–૦૯–૨૦૧૭ થી જાહેર જનતા જોગ પ્રસિધ્ધી અર્થે લગાવવામાં આવેલ તેમજ જાહેર સ્થળો ઉપર પણ પ્રસિધ્ધી કરેલ આમ તારીખ.૧૮–૦૯–૨૦૧૭ હરાજી કરતાં પહેલા સાંજના ૪–૩૦ કલાક સુધીમાં ૩૭ વ્યકિતઓ એ રૂપીયા. ૫૦,૦૦૦/– અંકે રૂપીયા પચાસ હજાર પુરા રોકડા / ચેક થી ખંભાત નગરપાલિકા ઓફીસમાં જમા કરાવેલ આમ નિયત સમયમાં હરાજીની કામગીરી શરૂ કરવામાં આવેલ તે દરમ્યાન ડીપોઝીટ ભરનાર અને હરાજીમાં ભાગ લેનારા વ્યકિતઓની હાજર રહયા બદલની સહીઓ મેળવવામાં આવેલ અને હરાજીની શરતો તેની નકલ અને સ્થળ સ્થિતિનો નકશો તમામને આપવામાં આવેલ ત્યાર બાદ દુકાન નંબર. ૦૧ ની હરાજીની બોલી શરૂ કરવામાં આવેલ જેનું અંદાજે ક્ષેત્રફળ ૧૩૦.૦૦ ચોરસ ફુટ જેટલું છે તેની હરાજી ની બોલી બોલતાં પ્રવિણભાઈ છોટાલાલ પટેલ ના ઓ એ રૂપીયા. ૨૧,૦૦,૦૦૦/– અંકે રૂપીયા એકવીસ લાખ ની બોલી બોલેલ આ હરાજીની બોલીની કાર્યવાહી ચાલુ હતી તે દરમ્યાન શહેરી વિકાસ અન શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના અધિકારીશ્રીનો ચીફ ઓફીસરશ્રી ને ટેલીફોનીક સુચનાથી જાણ કરવામાં આવેલ કે તારીખ.૧૮–૦૯–૨૦૧૭ એટલે કે આજ રોજ રાખવામાં આવેલ દુકાનોની હરાજી પરત્વે અત્રેની કચેરીએ થી સ્ટટસ કો નો હુકમ કરવામાં આવેલ હોઈ તે અંગેની કાર્યવાહી મુલત્વી રાખવા જણાવેલ તે મુજબનો પ્રમુખશ્રી ખંભાત નગરપાલિકા, અને ચેરમેન શ્રી એકઝીકયુટીવ કમીટી ખંભાત નગરપાલિકાને ચીફ ઓફીસર ધ્વારા રીપોર્ટ થતાં સદર ચાલુ કાર્યવાહી હાલ મોકુફ રાખવા અંગે અને સદર બાબતના હુકમની કોપી નગરપાલિકાને બજેલ ન હોઈ તે મેળવ્યા બાદ આગળની કાર્યવાહી કરવાની તમામ સત્તાઓ એકઝીકયુટીવ કમીટીના ચેરમેનશ્રી તેમજ નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રીને આપવામાં આવે છે તે અંગે જરૂર જણાય આગળની કાર્યવાહી કરવા, વકીલ રોકવા અને જરૂર જણાય નગરપાલિકાના

આર્થીક હીતમાં અને કર્મચારીઓના આગામી તહેવારો દરમ્યાન કરવાના બાકી રહેલ પગાર, પેન્શન તેમજ એમ.જી.વી.સી.એલ. લાઈટ બીલો વિગેરે ચુકવવાના થતાં હોઈ અને ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક નપલ/૪૫૯૩/એમ.એલ.એ/૧૨/મ/સચીવાલય, ગાંધીનગરના તારીખ.૧૫–૦૯–૧૯૯૩ ઠરાવ અન્વયે નિયત થયેલ શરત નંબર. (૨) "સવાલવાળી જમીન વેચાણથી જે આવક થાય તે તમામ આવક નગરપાલિકાએ સફાઈ કામદાર, અને કર્મચારીઓના બાકી પગાર માટે જ વાપરવાની રહેશે" તે શરત મુજબ અમલવારી કરવાની રહેશે અને આ ઠરાવથી રજુ થયેલ નકશો અને તેમાં જણાવેલ માપ મુજબ આ શોપીગ સેન્ટર તે નકશાના માપ મુજબ જ બંધાઈ રહેલ છે આમ આ નકશાની વિરૂધ્ધ જો કોઈને જગ્યા ફાળવી દેવામાં આવેલ હોય તો તે ગેરકાયદેસર અને ગેરકાનુની છે જે જગ્યા નકશાથી નિયત થયેલ છે તે મુજબ જ નગરપાલિકા ખંભાતે અમલવારી કરવાની રહે છે. આમ તારીખ.૧૬–૦૮–૨૦૧૬ના મ્યુનીસીપલ એન્જીનીયરશ્રીના રીપોર્ટ મુજબ નકશામાં બતાવેલ જગ્યા મુજબ જ આ શોપીગ સેન્ટર બનાવવામાં આવેલ હોઈ તે નિયમ મુજબ અને કાયદેસરનું છે. તેમ છતાં પણ જો કોઈ આ બાબતે કાનુની કાર્યવાહી થાય તો શહેરી વિકાસ વિભાગ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ અગર તો તેની ઉપરની સક્ષમ કોર્ટોમાં જવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તો ખર્ચ સહીત આગળની તમામ કાર્યવાહી ઓ કરવા સત્તા આપવામાં આવે છે. અને આ હરાજીની કાર્યવાહી રદ કરવાની જગ્યાએ હાલ મોકુફ રાખવામાં આવે છે જયારે પણ આ બાબતનો નિકાલ આવી જાય કે તરત તેના બે દિવસની અંદર આમ મોકુફ રાખવામાં આવેલ હરાજીની કાર્યવાહી આગળ ચાલુ કરી કામગીરી પુર્ણ કરવાની રહેશે તેવું ઠરાવવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય

ચેરમેન,

એકઝીકયુટીવ કમીટી

ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ

સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

સહી. નગીનભાઈ રતીલાલ મહીડા

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ

સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા.